# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૭ • સળંગ અંક : ૩૭૦ • તા. ૧૨ જુલાઈથી ૧૮ જુલાઈ ૨૦૨૫





**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.


## કચ્છ ભૂજ પરિસરના
## વર્ધમાન નગર
## ગ્રામ પંચાયત ચૂંટણીમાં




## જ્ઞાતિજનોનો દબદબો વર્તાયો


Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)


જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# જીવન એટલે જન્મ અને મૃત્યુ વચ્ચેનો ગાળો

જન્મ અને જીવનાંત વચ્ચેનો સમય એટલે જીવન, જિંદગી, અસ્તિત્વ, હયાતી. જન્મ પામેલ જીવ સમય જતાં વિકસતો, સમજતો થાય છે. વિવિધ શક્તિઓ પ્રાપ્ત કરે છે જ્ઞાન, શિક્ષણ મેળવી નવું સર્જન કરવા કાબિલ બને છે અને પછી શાંત થઈ જાય છે. આ છે જિંદગીની યાત્રા, એક જીવના ઉદય અને અસ્ત, એક સમુદ્રની અથાગ તોફાની લહેરની ભરતી અને ઓટની કથની. જીવ જન્મ લે છે ત્યારે શ્વાસ ધબકે છે અને શ્વાસ વિરમે છે એટલે જીવ અંત પામે છે. માણસ જાય છે પણ પાછળ મૂકી જાય છે, સ્વયં સત્કાર્યની સુવાસ. આખી જીવન યાત્રા દરમ્યાન તેણે કરેલા કાર્યોની સુગંધ કે બદકાર્યોની બદનામી પાછળ મૂકી જાય છે. એણે કરેલા સર્જન એનું નામ, એનો વંશ આગળ વધારે છે. એણે કરેલા સર્જન આ જીવનમાં તેના નામ, તેના કર્મને લીધે સરળ, સફળ કે વિફળ બનાવે છે.

જન્મ અને મૃત્યુનું આ ચક્ર સતત ચાલ્યા કરે છે. તેનો કોઈ અંત નથી, તેને કોઈ વિરામ નથી. જન્મ વખતે જીવ રડે છે અને પરિવાર ખુશ થઈ હસે છે. જ્યારે અંત સમયે જીવ હસતો હોય છે અને પરિવાર દુઃખને શોકમાં રડે છે. આ હસી-ખુશી અને રૂદનનો ખેલ છે અને આપણે સૌ એમાં ભાગ લેતા કલાકારો. જન્મ થાય એની સમજ-જાણ હોય છે પણ નિશ્ચિત વાર તારીખને સમય ખબર નથી હોતી. જ્યારે મૃત્યુ ક્યારે થશે, શાને કારણે થશે એની સુદ્ધા કોઈને અણસાર અગમચેતી નથી હોતી. જન્મ અને મૃત્યુ વચ્ચે કેટકેટલી યાત્રા, સફર થઈ હોય છે. એક સ્થળે જન્મ પામેલ જીવ ક્યારે અને ક્યાં મૃત્યુ પામશે એ નક્કી નથી હોતું. આ અનંત સફર દરમ્યાન કેટ કેટલાં કર્મ, કાર્યો અને સંબંધના તાણાવાણા જોડ્યા કે તોડ્યા હશે.

આ સૃષ્ટિ પરમાત્માનું સર્જન છે. તેમ અહીંયા નાના મોટા જીવ-જંતુ પણ એણે રચેલો ક્રમ છે. નવજાત જીવમાંનું ગર્ભમાં પોષણ એની માતા દ્વારા થાય છે. સંસારમાં આવતા ક્રમશ એની શક્તિને ક્ષમતા બીજાના આધારિત હોય છે. આસ્તે આસ્તે પોતાની રીતે સક્ષમ થાય છે. શારીરિક રીતે સ્વસ્થ અને માનસિક રીતે સુદ્રઢ બને છે. સંપૂર્ણ વિકસીત પછી ધીમે ધીમે અસ્તાચળ ભણી આગળ વધે છે. જેમ જેમ તેની શક્તિઓ વિકસી હતી એમ એમ તેની શક્તિઓ ક્ષીણ થતી જાય છે. આ વૃદ્ધાવસ્થા છે. શારીરિક અસ્ત અવસ્થા છે. ઉંમર વધે તેમ તેમ વૃદ્ધાવસ્થા નાના બાળકની જેમ થઈ જાય છે. પ્રવાહી ખોરાક, બીજાને આધારિત જીવન વિતે છે. આમ જીવનની અંતિમ અવસ્થા નવજાત શિશુની જેમ થાય છે. બંન્ને અવસ્થા અશક્ત અને લાચાર. બાળકનું મન તેનું હાસ્ય નિર્દોષ ભોળું હોય છે. જ્યારે વૃદ્ધજનના મનમાં સ્નેહીજનો પ્રત્યેના ગમા અણગમા અને અટંસ બંધાઈ હોય છે. જે ભૂલી ભૂલાતી નથી, છૂટતી નથી. શિશુનો ક્રમશ વિકાસ થતો હોય છે. જ્યારે વૃદ્ધની અંતિમ અવસ્થા અસ્તાચળ ભણી ગતિ કરતી હોય છે. આમ જીવન વિકાસ અને અંત ભણી આગળ વધતો પ્રવાસ છે. માત્ર સારા કરેલા કાર્યો પરકાજે કરેલ કામો, અન્યને ઉપયોગી થઈએ એવું જીવન આપણી પાછળ સ્મૃતિશેષ રહે છે. ઉત્તમ રીતે જીવયા હોઈ તો સૌની સ્મૃતિમાં રહીએ. સારા કર્મ સંભારી આપણને કોઈ યાદ કરે કે ન કરે આપણે અંત સમયે સંતોષ પામીએ તો એ ઘણું.

– જય જ્ઞાતિમૈયા

# શબ્દ શસ્ત્રને શાસ્ત્ર છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

કબીર સાહેબએ લખ્યું છે કે શબ્દ. શબ્દ ચલત હૈ, શબ્દ કો હાથ ન પાંવ, એક શબ્દ મરહમ કરે, દુજા શબ્દ કરે ઘાવ. આ દોહામાં શબ્દની તાકાત અને તેના કૌવતનું આબેહુબ આલેખન કરાયું છે. શબ્દની સંતાકુકડી અને શબ્દ શણગારનું તાદશ રીતે વિવરણ કરવામાં આવ્યું છે. અન્ય રીતે જોઈએ તો શબ્દ પથદર્શક, શબ્દ જીવન સર્જક છે તો શબ્દ જીવન પરિવર્શક છે અને શબ્દ જીવન વિસર્જક છે. તેથી જ શબ્દને શરીર તથા અર્થને આત્મા કહેવાયા છે.

શબ્દ જિહવા દ્વારા બહાર પ્રગટે છે. જિહવા એટલે કે જીભ, જબાન, લૂલી ઉપર કાબૂ રાખવો એ આસાન કામ નથી. વાણી, પાણી, કમાણીને વિચારીને વાપરવી. વાણીમાં વક્રતા, કટુતા, કર્કશતા કે કડવાશને ક્યારેય સ્થાન ન આપવું. જે સજ્જતાનું પ્રથમ લક્ષણ હોય છે. એક જીભ પરથી મહાભારત રચાયું અને બીજી જીભ પરથી રામાયણ. એકમને ગમે તે તમને ગમે. સૌને ગમે એવી જ ભાષા બોલવી. શબ્દો બોલવા પીરસવા તો જ તમને એ ગમશે, પસંદ પડશે અન્યથા લોકો તમને ધીક્કારશે, ને ધુત્કારશે. શબ્દો શિખરે પહોંચાડે છે તો તે જ શબ્દો ટોચથી તળિયે પહોંચાડે છે. શબ્દો જો સારા હોય, સુસભ્ય હોય તો એ સુખ અને શાંતિનો અનુભવ કરાવે છે. પણ જો શબ્દો ખરાબ હોય તો એ પાપના ભાગીદાર બનાવે છે. સારા શબ્દો શુકનવંત રીતે આશીર્વાદરૂપી ફળે છે અને ખરાબ હોય તો શત્રુઓ ઊભા કરે છે. શબ્દો મિત્ર બનાવે છે કે દુશ્મન બનાવે છે. કઈ જગ્યાએ ક્યા પ્રસંગે કેવા પ્રકારના શબ્દો પ્રયોગ કરવા એ જો જાણી શકીએ તો જગતનો કોઈ માનવી ક્યારેય દુ:ખીના થાય.

કોઈના શોક પ્રસંગમાં, કોઈના દુ:ખદ પળોમાં તેને કહેલા આશ્વાસનના બે શબ્દ સામેવાળાના મનની પીડાનું શમન કરે છે. કોઈની મદદ હમેંશા પૈસા કે વસ્તુથી જ નહીં પરંતુ કપરી પરિસ્થિતિમાં સકારાત્મક શબ્દોથી પણ થઈ શકે છે. હું બેઠો છું ને આ શબ્દો કોઈને કહેવાથી જીવનની કોઈપણ લડાઈ હારવા દેતાં નથી. તું ચિંતા ના કરીશ હું તારી સાથે જ છું. આ શબ્દો સામેવાળી વ્યક્તિને લડાઈ જીતવામાં ખૂબ મદદરૂપ થાય છે. આમ શબ્દ કોઈનો સાથ બને છે, તાકાત બને છે.

આપણે કોઈનું સારું ના કરી શકીએ તો કંઈ નહીં પણ આપણા શબ્દો દ્વારા ક્યારેય કોઈને ઠેસ ન પહોંચાડીએ. આપણા અમુક નકારાત્મક શબ્દો જે સામેવાળી વ્યક્તિને ક્યારેક જિંદગીથી હરાવી દે છે તો આવા પાપના ભાગીદાર બનવા કરતાં સારા માણસ મદદગાર વ્યક્તિ બનીએ. શબ્દોમાં એ તાકાત છે કે એ તમને સ્વર્ગના માર્ગે લઈ જાય છે. તો એક શબ્દ નરક તરફ ધકેલી દે છે. એટલા માટે જ જ્ઞાનીજનોએ કહ્યું છે કે હમેંશા વિચારીને બોલવું શબ્દો મોતી જેવા છે. જે મૂલ્યવાન શોભાયમાન છે.

શબ્દ એક શસ્ત્ર છે અને શાસ્ત્ર પણ છે. આપણે શબ્દનો કઈ રીતે પ્રયોગ કરીએ છીએ. વપરાશ કરીએ છીએ તે પ્રકારે એનો પ્રતિઘાત મળે છે. શબ્દોનું ચયન તેની પસંદગી કરવી એ ડહાપણનું કામ છે. તેમાં ઉતાવળ, અધિરાઈ આપણને ખીણમાં ધકેલી દે છે. તો શબ્દો દ્વારા મળતો સરપાવ આપણને શિખરે બેસાડી દે છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# કચ્છ ભૂજ પરિસરના વર્ધમાન નગર ગ્રામ પંચાયત ચૂંટણીમાં જ્ઞાતિજનોનો દબદબો વર્તાયો

હાલમાં જ કચ્છના ગામડાઓની સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણી યોજાઈ. કચ્છ ભુજ પરિસરના વર્ધમાન નગર ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ક.દ.ઓ.જ્ઞાતિના ત્રણ જ્ઞાતિજનો બિનહરીફ કે બહુમતીથી વિજયી થયાં છે.

વોર્ડ નં.૧માં કચ્છ સુથરીના શ્રીમતી મનીષાબેન વિનયભાઈ હેફા–પુત્રવધૂ લઘુભાઈ નથુભાઈ હેફા બિનહરીફ વિજયી થયાં છે. વોર્ડ નં.૨ માંથી વર્ધમાન નગર ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ શ્રીમતી જ્યોતિબેન હેમંત વિક્મશી મૂળ ગામ રાણપુરના પુત્ર યશ હેમંત વિક્મશી ૯૭ વોટમાંથી ૯૫ વોટ મેળવી ભારી બહુમતથી વિજયશ્રીને વરયા છે.

કચ્છ કોઠારા હાલે વર્ધમાન નગરના અ.સૌ.જયાબેન પ્રબોધ હિરાચંદ મુનવરના સુપુત્રી કચ્છ ગોએરસમાના શ્રીમતી અમિતા તુષાર મણિલાલ ગોસર વોર્ડ નં.૯માંથી બિનહરીફ વિજેતા થયાં છે.

શ્રી વર્ધમાન નગર ક.દ.ઓ.જૈન મહાજનના ત્રણેય સભ્યોએ વિજય પદ હાંસલ કરી પોતાનું, પરિવારનું તેમજ જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે. જે બદલ ખોબલે ખોબલે અભિનંદન અને તેઓની હસ્તક લોક કલ્યાણ અને જન સેવા અને વિકાસના કામો અવિરત થાય એ શુભેચ્છા પાઠવીએ છીએ.

## અભિનંદન



**યશ હેમંત ભવાનજી વિક્મશી**
મુળ ગામ રાણપુર
હાલે વર્ધમાનનગર કચ્છ
(પુત્ર જ્યોતિબેન હેમંત વિક્મશી)
વર્ધમાનનગર ગ્રામ પંચાયત
વોર્ડ નં.૨ માં
ચૂંટાઇ આવવા બદલ અભિનંદન...

## અભિનંદન



**શ્રીમતિ મનીષાબેન વિનયભાઇ હેફા**
મુળ ગામ સુથરી
હાલે વર્ધમાનનગર કચ્છ
(પુત્રવધુ
લઘુભાઇ નથુભાઇ હેફા- સુથરી)
વર્ધમાનનગર ગ્રામ પંચાયત
વોર્ડ નં.૧ માં
બિનહરીફ ચૂંટાઇ આવવા
બદલ અભિનંદન...

## અભિનંદન




**અમીતા તુષાર મણીલાલ ગોસર**
મુળ ગામ ગોએરસમા-કચ્છ
હાલે વર્ધમાનનગર-કચ્છ
(અ.સૌ. જયાબેન પ્રબોધ એચ.
મુનવર કોઠારા-કચ્છ) હાલે
વર્ધમાનનગરની સુપુત્રી ભુજોડી
ગ્રામ પંચાયત વોર્ડ નંબર-૯ માં
સભ્ય તરીકે બિનહરીફ ચૂંટાયેલા
જાહેર થયેલ છે. તેમને ખૂબ-ખૂબ
અભિનંદન... અભિનંદન...

**શુભેચ્છક : શ્રી ક.દ.ઓ. જૈન મહાજનશ્રી- ભુજ • શ્રી વર્ધમાનનગર ક.દ.ઓ. જૈન ટ્રસ્ટ-વર્ધમાનનગર**

જૈન તીર્થોના ભક્તિસભર યાત્રા પ્રવાસ ક્ષેત્રે
1995 થી ગુંજતુ ને ગાંજતું વિશ્વનીય એકમાત્ર નામ

# 'સાવલા N લોડાયા' ટુર



## શીખરજી મહાયાત્રા

196 થી અધિક શીખરજી યાત્રા
કરનાર/કરાવનાર સંચાલકો સાથે

Day : 10,11, 12,13,14

"સમ્મેતશીખરજી"
પંચતીર્થી સહ ચંપાપુરી, કાકંદી, મિથિલા,
ભદ્રીલપુર, વારાણસી

**પ્રભાવક-ભવ્ય આંધ્ર/તેલંગનાં ના તીર્થોની યાત્રા**

પ્રાચીન મનમોહક પ્રતિમાજીઓના દર્શન,
આદોની, કુલપાકજી, અમરાવતી, ગુમ્મલેરૂ,
ગુડીવાડા વગેરે દિવ્ય તીર્થોની યાત્રા

**ઉત્તર પ્રદેશની "66" કલ્યાણક ભૂમિઓ**

વારાણસી (ચંદ્રપુરી, સિંહપુરી, ભદૈની, ભેલુપુર)
પ્રયાગરાજ, કૌશાંબી, અયોધ્યા, રત્નપુરી, શ્રાવસ્તી
કંપીલા, શોર્યપુરી, હસ્તિનાપુર
સાથે લખનૌ, અહીછત્રા, હરિદ્વાર, આગ્રા, મથુરા



સહુ ચાલો કલ્યાણક ભૂમિઓ જુહારીએ
જીવનમાં એકવાર તારક તીર્થંકરોની
ચ્યવન-જન્મ-દીક્ષા-કેવલજ્ઞાન-મોક્ષ ભૂમિઓની
અવશ્ય યાત્રા કરી પાવન થાઓ.

સંઘ મહાજન-મંડળ-પારિવારીક ગ્રુપો આપના માટે
ભારતભરના જૈન તીર્થોનું વિશેષ આયોજન, આપના વિશેષ બજેટમાં

વિધિસહીત, સમજણ સાથે તીર્થોનું ઐતિહાસિક મહત્વ સમજી
યાદગાર યાત્રાનું અવસર માત્ર અમારી સાથે

ભક્તિ સાથે ઉત્કૃષ્ટ આયોજન, જાત દેખરેખ, વિશિષ્ટ
સાર સંભાળ એ અમારી આગવી ઓળખ...

યાત્રાઓ વારંવાર નથી થતી એટલે
યાત્રા તો સમાજની શ્રેષ્ઠ ટુરના સથવારે
આત્મીયતાપૂર્ણ-ભક્તિપૂર્ણ-વ્યવસ્થાપૂર્ણ

1995 થી હજારો યાત્રિકો અને 1600 થી અધિક દિક્ષાર્થીઓને
યાત્રા કરાવનાર સમસ્ત જૈન સમાજના એકમાત્ર આયોજક...

**SAVLA N LODAYA TOUR**
**98205 65261 / 70214 38593**

# શ્રી નલિયા નગરે નાગડા નુખના શ્રી અંબેમાની ૬૬મી પહેડી અને ધ્વજા મહોત્સવ યોજાયો





શ્રી નલિયા નગરે નાગડા નુખના શ્રી અંબે માઁના નિમાલ, ભક્તિ ભાવના સાથે ૬૬મી પહેડી અને ધ્વજા મહોત્સવનો દ્વિદિવસીય કાર્યક્રમ ભવ્યતાથી સંપન્ન થયો.

પ્રથમ દિવસ તા.૨૬ જૂન ગુરૂવારના બપોરે શ્રીચંદ્રપ્રભુ અતિથિગૃહમાં જમણવાર બાદ પોતપોતાના માતાજીના દર્શન તથા ખેતરપાર દાદાનું નિમાલ. બપોરે ૪ કલાકે શ્રી અંબેમાના સ્થાનકે શ્રી અંબે માતાજીનું નિમાલ, સાંજે ૪ થી ૮ સાંજનું ભોજન શ્રી ચંદ્રપ્રભુ અતિથિગૃહમાં સૌએ કર્યું. તેજ દિવસે રાત્રે ૮ કલાકે શ્રી અંબે માઁના સ્થાને માતાજીની ભક્તિ ભાવના દરમ્યાન આરતીના ચડાવા તેમજ ૬૬મી પહેડી અને ધ્વજાના ચડાવા બોલાયા.

ભક્તિ ભાવના બાદની આરતીનો લાભ લેનાર પરિવાર રૂા.૪૧૪૧૪ માં **જયંતિલાલ ગોંવિદજી નાગડા પરિવાર તેરા-નાંદેડ.**

આરતી બાદ તેજ સ્થાને મિટીંગ યોજાઈ.

દ્વિતીય દિવસ તા.૨૭ જૂન શુક્રવારના સવારે આયંબિલ વાડી મધે નવકારશી સવારે ૯ થી ૧૨ દરમ્યાન શ્રી અંબે માઁના સ્થાને માતાજીની પહેડી અને ધ્વજા મહોત્સવ ભવ્ય રીતે થયો.

૬૬મી પહેડી અને ધ્વજા તેમજ આરતીના ચડાવા નો લાભ રૂા.૧,૧૧,૧૧૧/-માં લેનાર લાભાર્થી પરિવારો **કિરણભાઈ માણેકજી નાગડા, નલિયા-હુબલી, ગિરીશભાઈ માણેકજી નાગડા, નલિયા-મુલુંડ, શૈલેશભાઈ ચીમનલાલ નાગડા, નલિયા-હુબલી તથા અરૂણાબેન પ્રતાપ નાગડા, જખૌ-હુબલી હસ્તે ખીરેન પ્રતાપ નાગડા, ભાવેશ પ્રતાપ નાગડા.**

બપોરે ભોજન વ્યવસ્થા નલિયા મહાજન તરફથી નૂતન અતિથિ ભવનમાં ભૂમિ પૂજન નિમિત્તે નલિયા નગરે પધારેલ. સર્વે મહેમાનો તથા ગામવાસીઓનું સ્વામિવાત્સલ્ય નૂતન ભોજનાલયમાં રાખવામાં આવ્યું હતું.







# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા શ્રી કુંથુનાથ જિનાલયની ૨૫મી ધ્વજા મહોત્સવની ઉજવણી કરાઈ

શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા શ્રી કુંથુનાથ જિનાલયની ૨૫મી ધ્વજાના લાભાર્થી માતુશ્રી માનબાઈ ચત્રભુજ શાહ પરિવાર, માતુશ્રી જયાબેન રતિલાલ શાહ પરિવાર જખૌ-રાયપુર હતા. રવિવાર, તા.૨૯ જૂનના સવારે ૭ વાગે શ્રી કુંથુનાથ જિનાલયથી શ્રી મનહર ચત્રભુજભાઈ શાહના નિવાસ સ્થાને ઢોલ અને શરણાઈ સાથે રજત ધ્વજાનું સ્વાગત વિધિ વિધાન સાથે કરવામાં આવેલ. ધર્મમય અને ઉત્સાહપૂર્ણ સાથે જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં હાજરી આપેલ અંતમાં નવકારશી રાખવામાં આવેલ.

સાંજે ૭ વાગેથી શ્રી ગિરીશ રતિલાલ શાહના નિવાસ સ્થાને ભક્તિ સંધ્યાનું આયોજન કરવામાં આવેલ. સૌ. શીતલબેન વ્યાસ ટીમ દ્વારા ભક્તિની સારી રમઝટ જમાવેલ.

૨૫મી ધ્વજામાં જ્ઞાતિજનો, નિયાણી બહેનો, રાયપુર, ભિલાઈ, ભાટાપારા, ધમતરીથી સર્વે નિવાસસ્થાને પધારશોજી.

## Anumodana

**Sanjivani Case - 184**

**Name: Baby Riddhi Jain (Lodaya)** | **Age : 7 Months** | **Village: Sandhan - Raipur**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 35,000.00 |
| **Lifetime Patron / Sanstha** | |
| Shree Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 1,00,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher ... A Silent Donor | 1,51,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shri Hans Bhawanji Khimji Charitable Trust, Bangalore | 5,000.00 |
| Jay Mataji | 5,000.00 |
| Matushri Jayaben Motilal Lodaya Parivar , Moti Khavdi - Ghatkopar | 5,000.00 |
| Shrimati Geeta Harish Lodaya, Sayera - Raipur | 5,000.00 |
| M/S. Patronics Eboards Pvt. Ltd. (H: Dnyanesh Chimanlal Dagha, Varadiya - Pune) | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

॥ શ્રી વિમલનાથાય નમ : ॥ શ્રી શીતલનાથાય નમ : ॥

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી - ભુજ

## શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ - વર્ધમાનનગર-કચ્છ.

**ડો. મેઘજી વેલજી ધરમશી કે.ડી.ઓ. ભવન**

**વર્ધમાનનગર-કચ્છ.**

**ના ઉદ્‌ઘાટનનાં પાવન પ્રસંગે પધારવા ભાવભર્યું નિમંત્રણ**

પ્રતિ શ્રી,

જય મહાવીર-જય જીનેન્દ્ર

વર્ધમાનનગર-કચ્છ મધ્યે કે.ડી.ઓ. ભવનની ઘણાં જ લાંબા સમયથી જરૂરત હતી. જે સ્વપ્નું સાકાર થઇ રહ્યું છે. માત્ર છ મહિનાંની અંદર સૌનાં સાથ-સહકાર અને સહયોગથી આ કાર્ય શકય બન્યું છે.

ડો. મેઘજી વેલજી ધરમશી ‘‘કે.ડી.ઓ. ભવન’’ વર્ધમાનનગરનાં ઉદ્‌ઘાટનના પાવન પ્રસંગે પધારવા આપ સૌને ભાવભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ. આ શુભ અવસરે જરૂર જરૂરથી પધારશોજી.

**:: પાવનકારી શુભ નિશ્રા ::**

**પ.પૂ. ઉપાધ્યાય શ્રી પુર્ણભદ્રસાગરજી મ.સા.**
**પ.પૂ. પ્રવર્તક શ્રી મલયસાગરજી મ.સા.**
**પ.પૂ. મુનિરાજ શ્રી રત્નાકરસાગરજી મ.સા.**
**તથા શ્રમણ-શ્રમણી વૃંદ**

**તારીખ :** તા. ૨૭-૭-૨૦૨૫ રવિવાર

સમય : સવારે ૯-૧૫ કલાકે

‘‘કે.ડી.ઓ. ભવન’’ વાજતે-ગાજતે ખુલ્લું મૂકવામાં આવશે.

**સ્થળ : ‘કે.ડી.ઓ. ભવન’**

પી.બી. ૩૭, વિમલનાથ જૈન દેરાસર પાસે,
માધાપર-ભુજોડી રોડ, વર્ધમાનનગર-કચ્છ. તા. ભુજ

**:: નિમંત્રક ::**

**શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી**
**ભુજ-કચ્છ.**

**શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ**
**વર્ધમાનનગર-કચ્છ.**



**કાર્યક્રમ પૂરો થયે ભોજન સાથે લેશું**



## :: કે.ડી.ઓ. ભવનના મુખ્ય દાતાશ્રી ::

શ્રી ગુણોદય-મુક્તિ-જય-ગુણ આશિષે
શાસન પ્રભાવિકા પ.પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની પાવન સ્મૃતિમાં
ખાનદેશરત્ના પ.પૂ.સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની પાવન પ્રેરણાથી
**માતુશ્રી દેવકુંવરબેન ડો. મેઘજી વેલજી ધરમશીં**
કુ. ડો. ઉર્વશીબેન, કુ. પ્રિયંવદાબેન, કુ. વિદ્યાબેન, કુ. તક્ષશિલાબેન
ગોરખડી-તાડદેવ તરફથી કે.ડી.ઓ. ભવન માટે અનુદાન મળેલ છે.

## :: કે.ડી.ઓ. ભવન મુખ્ય હોલનાં દાતાશ્રીઓ ::

**મંજુ-લક્ષ્મી હોલ**

**:: પાવન પ્રેરણા::**

**અજોડ શાસન પ્રભાવક પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**

શ્રીમતિ મંજુલાબેન લહેરચંદ લખમશીં નાગડા
કોઠારા-મુલુન્ડ
હસ્તે અ.સૌ. ભાવનાબેન મણિલાલ લોડાયા
અ.સૌ. નમીતાબેન વિશાલ લોડાયા
ચિ. નિધી, ચિ. ફિયોની-વાશી- નવી મુંબઇ

માતૃશ્રી લક્ષ્મીબાઇ વેલજી વેરશીં લોડાયા
આરિખાણા-મુલુન્ડ
અ.સૌ. કલ્પનાબેન સોમચંદભાઇ લોડાયા
અ.સૌ. ડાયનાબેન ચંદ્રેશ લોડાયા
અ.સૌ. શીતલબેન તેજશ શાહ
ચિ. ખુશી-સનાયા-વિહા-વામીકા

**રૂમ નં. ૧**

**કુસુમ હરીશભાઈ ધરમશીં-સુથરી-મુલુન્ડ મુંબઈ**

રૂમ નં. ૨

**માતુશ્રી હીરાબેન ડુંગરશીં વિશનજી મોમાયા**
**હસ્તે પ્રીતિબેન મોમાયા**
ગામ સાંયરા-કચ્છ હાલે ભુજ

# શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન કોચીનની એન્યુઅલ જનરલ મિટીંગ યોજાઈ સાથે અભિનંદન, સન્માન કાર્યક્રમ આયોજન થયું




તા.૨૯ જૂન રવિવાર સવારે ૧૦.૩૦ કલાકે શ્રી કોચીન જૈન દેરાસરના કુરૂવા હૉલ સ્થળે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન કોચીનની વર્ષ ૨૦૨૫-૨૬ની વાર્ષિક સામાન્ય સભા સાથે અભિનંદન ઉત્સવ વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. મુખ્ય અતિથિ તરીકે હેમાંગ રાયચંદ ધરમશી, મુંબઈ પધાર્યા હતા તથા વિશેષ અતિથિ તરીકે યતિન અશોક ધરમશી બેંગલોર અને યશોધન રાયચંદ કારાણી મુંબઈ ઉપસ્થિત રહ્યાં હતાં.



કાર્યક્રમ પ્રારંભે શ્રીમતી ઉષા કિશોર કુરૂવા દ્વારા ભાવપૂર્વક સ્તવન રજૂ કરવામાં આવ્યું હતું.

સભાનું અધ્યક્ષ સ્થાન પ્રમુખ વીરેન કલ્યાણજી ખોના એ સંભાળ્યું હતું અને કાર્યક્રમનું સમગ્ર સંચાલન તથા અતિથિઓનો પરિચય મહામંત્રી અરવિંદ જયંતિલાલ દંડ દ્વારા અપાયો હતો. કાર્યક્રમની શરૂઆતે શેઠશ્રી નરશીનાથાના ફોટાને માળા અર્પણ કરીને થઈ.

અભિનંદન ઉત્સવ, માન્યતા અને પ્રેરણા ઉત્સવમાં કોચીનના જ્ઞાતિજનોની વિશિષ્ટ સિધ્ધિઓ અને સેવાઓને સન્માનિત કરી બહુમાન કરવામાં આવ્યું હતું. આ સાથે નોંધ લેવામાં આવી હતી કે કેડીઓ જ્ઞાતિ મહાજનની સ્થાપનાને ૪૬ વર્ષ પૂર્ણ થયાં છે.

અતિત ભરત મોતાને બિલિયર્ડસ અને સ્નૂકર ક્ષેત્રમાં ૩૫ વર્ષથી વધુ સમય સુધી શ્રેષ્ઠ પ્રદર્શન અને ઉત્કૃષ્ટ યોગદાન આપવા બદલ સન્માનિત કરવામાં આવ્યા.

વિક્રમ રમેશ સોનીને તેમની અવિરત જહેમત અને અડગ વિશ્વાસ બદલ ૪૮ની વર્ષ વયે CS બન્યા તે માટે સન્માનિત કરાયા.

વર્ષ ૨૦૨૪ માં કોચીન જૈન દેરાસર ખાતે ત્રિઘડાનું સુંદર પુર્નનિર્માણ અને સુશોભન કરવા બદલ શ્રીમતી ફાલ્ગુની પરેશ ખોના, શ્રીમતી હંસાબેન જયંતિલાલ દંડ, શ્રીમતી મીતા ધર્મેશ નાગડા, શ્રીમતી એકતા મયૂર ધરમશી અને શ્રીમતી મોનાલી વિક્રમ સોનીને તેમના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો ભક્તિ, શ્રધ્ધા અને સેવા ભાવના ધ્યેય ગુણ બદલ સન્માનિત કરાયા.

દિલીપ માણેકજી લોડાયાને વર્ષોથી અષાઢી બીજ કાર્યક્રમમાં અવલોકનીય દાતૃત્વ બદલ સન્માનિત કરવામાં આવેલ.

# શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન કોચીનની એન્યુઅલ જનરલ મિટીંગ યોજાઈ સાથે અભિનંદન, સન્માન કાર્યક્રમ આયોજન થયું



શ્રીમતી કપિલા દીપક પોલડીયાને વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન અર્ણાકુલમ ડિવિઝનમાં પોસ્ટ ઓફિસમાં સૌથી વધુ ખાતા ખોલાવવાના માટે બીજું સ્થાન મેળવ્યું જે તેમના ઉત્કૃષ્ટ પ્રયત્ન સંનિષ્ઠ મહેનત અને નાણાંકીય જાગૃતિ માટેની પ્રતિબધ્ધતા હોવાના પ્રમાણ બદલ ગૌરવ સન્માનિત કરાયા.

કિશોર શામજી કુરૂવાને કોચીન જ્ઞાતિ શિરોમણિ તરીકે સન્માન આપવું એ સર્વેને માટે ગૌરવની ક્ષણ હતી. વર્ષ ૧૯૯૧થી વર્ષ ૨૦૧૯ સુધી જ્ઞાતિ મહાજનના પ્રમુખ તરીકે દીર્ઘકાળ સુધી સેવા શાંતિ અને સર્વ સમાવેશ દ્રષ્ટિથી જ્ઞાતિ મહાજનનું સુચારૂપણે નેતૃત્વ કર્યું. એટલું જ નહીં પોતાની આ સેવા જરૂરિયાતમંદોને માટે નેતૃવ્ય રીતે અને વિનમ્રતાથી કરી નહી કે તેમણે પોતાનું માન મેળવવા માટે હેમાંગ રાયચંદ ધરમશી મુંબઈ દ્વારા શ્રીમતી હેમલતા હિંમતલાલ દંડના નામે શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન કોચીનને રૂા.૧,૦૧,૦૦૦/-નું ઉદાર દાન આપવામાં આવેલ. કોચીન જ્ઞાતિ મહાજન તેમના આ ઉદાર સહયોગ માટે હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.

શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજનના સેક્રેટરી જનરલ નિશીથ એ. દંડ વીડિયો સંદેશમાં સન્માનિત થયેલ સૌને અને વિજેતાઓને અભિનંદન આપ્યા અને કોચીનમાં કચ્છી ઓળખ જાળવવા માટે મહાજનની કામગીરીની પ્રશંસા કરી હતી.

પેનલ ચર્ચા-વારસો, નેતૃત્વ અને આગળનો માર્ગ આ વિશિષ્ટ ૭૫ મિનિટની ચર્ચામાં હેમાંગ રાયચંદ ધરમશી, યતિન અશોક ધરમશી, યશોધન રાયચંદ કારાણી, વિરેન કલ્યાણજી ખોના તથા કિશોર શામજી કુરૂવા પેનલિસ્ટ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર ચર્ચાનું સંચાલન કુ. હિલોની કમલેશ લોડાયાએ કર્યું હતું. આ ચર્ચા દ્વારા ભૂતકાળના યોગદાન વર્તમાનના મૂલ્યો અને ભવિષ્યના વિચાર પર પ્રકાશ પાડ્યો હતો.

કોચીન મહાજન માદરે વતન કચ્છથી ૨૫૦૦ કિ.મી. દૂર છે તેમ છતાં જ્ઞાતિના ૯૮ પરિવારો અને ૨૫૫ જ્ઞાતિજનો સાથે મળીને કચ્છી સંસ્કૃતિ અને સભ્યતાને જીવંત રાખી છે.

કેડીઓ મહિલા મંચ કોચીનનો વાર્ષિક અહેવાલ રજૂ થયો તે સાથો સાથ કોચીન જ્ઞાતિ મહાજનના વાર્ષિક નાણાંકીય અહેવાલ પણ રજૂ કરાયા.

શ્રીમતી ભચીબાઈ શામજી કુરૂવા પરિવારના પ્રયોજનથી શૈક્ષણિક સિધ્ધિ પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું. જેમાં ધોરણ ૧૦ રૂષભ મયૂર ધરમશી, ધોરણ ૧૨ રિધ્ધિ ચેતન લોડાયા અને વીર હેમન કુરૂવા, બી.એમ.એસ. ડિગ્રી અભ્યાસ હર્ષ હીરેન ગોસર, બી.એસ.સી. ડિગ્રી માટે કિરતાર આનંદ કુરૂવાને, બી.એમ.એસ.ડિગ્રી અભ્યાસ હર્ષ હીરેન ગોસર, બી.એસ.સી.ડિગ્રી માટે કિરતાર આનંદ કુરૂવાને, બી.એ. માટે જય અતુલ ખોનાને, એમ. બી.એ. ડિગ્રી મેળવવા બદલ પ્રશિતા નાગડાને અને કંપની સેક્રેટરી ડિગ્રી માટે વિક્રમ રમેશ સોની.

કાર્યક્રમના મુખ્ય દાતા તરીકે શ્રીમતી હંસાબેન જયંતિલાલ દંડ રહ્યા હતા.

કોચીન જ્ઞાતિ મહાજનની નવી ટર્મ વર્ષ ૨૦૨૫-૨૦૨૮ માટે નવી મેનેજિંગ કમિટી માટેની ચૂંટણી કમિશનર ગિરીશ મૂલચંદ મોમાયાના માર્ગદર્શન હેઠળ યોજાઈ. જેમાં નવી કમિટી માટે નીચે મુજબના નામોની સર્વાનુમતે વરણી કરાઈ.

કિશોર શામજી કુરૂવા સ્થાયી સભ્ય વીરેન કલ્યાણજી ખોના, અરવિંદ જયંતિલાલ દંડ, પરેશ નવીન ખોના, હનિશ નીતિન ખોના, લલિત લહેરચંદ લોડાયા, અતુલ કલ્યાણજી લોડાયા, શ્રીમતી રેખા અતુલ લોડાયા, વિક્રમ રમેશ સોની, વિમલ રમેશ ખોના, છાયા ભૂપેન મૈશેરી વિશેષ સભ્ય. શ્રીમતી મીતા ધર્મેશ નાગડાએ મહાજન તરફથી આભાર પ્રસ્તાવ રજૂ કર્યો.

સભા બપોરે ૧.૪૫ કલાકે રાષ્ટ્રગીત ગાઈ પૂર્ણ થઈ હતી. અંતે કોચીન રામમંદિરના મુખ્ય હોલ ખાતે વાર્ષિક સમૂહ જમણવાર યોજાયો હતો. જેનો સૌએ લાભ લીધો હતો.

# શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન કોચીન દ્વારા કચ્છી નવા વર્ષ અષાઢી બીજની ઉમંગભેર ઉજવણી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના સાથે કરાઈ

તા.૨૭ જૂન શુક્રવાર રોજે કચ્છી નવા વર્ષ અષાઢી બીજ ઉત્સવ ઉજવણી શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન કોચીનના ઉપક્રમે ભક્તિ ઉમંગ અને આનંદભેર કરાઈ. જ્ઞાતિની પરંપરા પ્રમાણે અચલગચ્છાધિષ્ઠાયિકા મહાકાળી માતાજીની ભાવના કોચીન જૈન દેરાસર કુરૂવા હૉલ ખાતે ભવ્ય ભક્તિ સાથે યોજાઈ.

આ ભક્તિ ભાવનામાં અંદાજે ૧૫૦ જેટલા જ્ઞાતિજનો સહભાગી થઈ ધર્મભક્તિનો ધન્ય લાભ લીધો હતો. ભક્તિ પાઠન પરેશ દામજી મોતા, લલિત લહેરચંદ લોડાયા અને સતિશ ખીમજી દંડ દ્વારા કરવામાં આવ્યું હતું. ભાવનાના લાભાર્થી ભાણજી જેવત ખોના સમસ્ત પરિવાર હતા.



# રોટરી ક્લબ-હુબલી સાઉથના પ્રેસિડન્ટ તરીકે હિરેન ચેતન છેડાની વરણી




નલિયા હુબલીના હિરેન ચેતનભાઈ ત્રિકમજી છેડાની રોટરી ક્લબ-હુબલી સાઉથના પ્રેસિડન્ટ તરીકે નિયુક્તિ થઈ છે.

તેઓ વર્ષ ૨૦૧૯માં રોટરી ક્લબ ઓફ હુબલી સાઉથ ડિસ્ટ્રીક ૩૧૭૦માં સભ્ય તરીકે જોડાયા અને વર્ષ ૨૧-૨૨માં સેક્રેટરી તરીકે અને વર્ષ ૨૨-૨૩માં ટ્રેઝરર તરીકેનું પદ સંભાળ્યું. આ વર્ષે તેમની કાબેલ નેતૃત્વ યાત્રા વધુ વિસ્તરી અને વર્ષ ૨૦૨૫-૨૬ ટર્મ માટે તેઓ પ્રેસિડન્ટ તરીકે ચૂંટાયા છે. તેમની પદ નિયુક્તિ માટે હાર્દિક અભિનંદન સાથે તેમના કુશળ નેતૃત્વ હેઠળ સમાજપયોગી કાર્યો અવિરત થાય એ શુભકામના.



# Anumodana

## Sanjivani Case - 185

**Name: Mr. Sagar Hirachand Gosar** **Age : 27 Yrs.** **Village: Varapadhar - Navi Mumbai**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 25,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patron** | |
| M/s. Vikamshi Fabrics Pvt. Ltd. Khamgaon | 5,000.00 |
| Matushri Rekhaben Sunil Khona, Sujapur - Bangalore | 5,000.00 |
| **Lifetime Patron / Sanstha** | |
| Shree Varapadhar KDO Jain Gnati Mahajan, | 10,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan,Coimbatore | 5,000.00 |
| Shri DBKDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shree KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 1,500.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Diamond Patron** | |
| Late Smt. Hemlata Mulchand Nagda (H: Shri Bhavin T. Nagda) Tera, Mumbai | 2,000.00 |
| Late Shri Mulchand Visanji Nagda (H: Shri Manikant Visanji Nagda) Tera, Mumbai | 2,000.00 |
| Mrs. Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 2,000.00 |
| Matushri Laxmiben Javerchand Dharamshi (H: Yogita Dhirish Dharamshi)Kothara, Bijapur | 2,000.00 |
| Matushri Manibai Champshi Luthia & Shri Champshi K. Luthia, Raidhanjar | 2,000.00 |
| Shri Pratap P. Dharamshi ( H: Anjana P. Dharamshi ), Mumbai | 2,000.00 |
| **Individual Donors** | |
| Shrimati Kokilaben Sharad Khona, Bayath - Matunga | 1,00,000.00 |
| Shrimati Alpaben Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shri Milan Hemraj Maheshwari, Jakhau - Pune | 10,000.00 |
| Well Wisher | 5,000.00 |
| Shri Hans Bhawanji Khimji Charitable Trust, Bangalore | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 3,000.00 |
| Shrimati Geeta Harish Shah Lodaya, Sayra - Raipur | 3,000.00 |
| Shrimati Leelavantiben Navinchandra Lodaya, Nani Khavdi - Coimbatore | 2,500.00 |
| Shri Ramesh Hirji Lodaya, Suthari - Mulund | 2,500.00 |
| Shri Manojkumar Laxmichand Kurwa, Bayath | 2,000.00 |
| Shri Hanskumar Laxmichand Chheda, Sujapur - Bhandup | 2,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamshi, Manjal - Deolali | 1,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Sayera - Raichur | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Shri Shrikant Bankimchand Shah (Lodaya), Raichur | 500.00 |
| Previous Balance Case No. 184 | 92,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# વર્ધમાનનગરમાં આપણું કે.ડી.ઓ. ભવન, આપણા સમાજનું ભવન...

**:: કે.ડી.ઓ. ભવનના મુખ્ય દાતાશ્રી ::**

શ્રી ગુણોદય-મુક્તિ-જય-ગુણ આશિષે
શાસન પ્રભાવિકા પ.પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની પાવન સ્મૃતિમાં
ખાનદેશરત્ના પ.પૂ.સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની પાવન પ્રેરણાથી

**માતુશ્રી દેવકુંવરબેન ડો. મેઘજી વેલજી ધરમશી**

કુ. ડો. ઉર્વશીબેન, કુ. પ્રિયંવદાબેન, કુ. વિધાતાબેન, કુ. તક્ષશિલાબેન
ગોરખડી-તાડદેવ તરફથી કે.ડી.ઓ. ભવન માટે અનુદાન મળેલ છે.

**:: કે.ડી.ઓ. ભવન મુખ્ય હોલનાં દાતાશ્રીઓ ::**

**મંજુ-લક્ષ્મી વિવિધલક્ષી હોલ**

**:: પાવન પ્રેરણા::**

**અજોડ શાસન પ્રભાવક પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**

શ્રીમતી મંજુલાબેન લહેરચંદ લખમશી નાગડા
કોઠારા-મુલુન્ડ
હસ્તે અ.સૌ. ભાવનાબેન મણિલાલ લોડાયા
અ.સૌ. નમીતાબેન વિશાલ લોડાયા
ચિ. નિધી, ચિ. ફિયોની-વાશી- નવી મુંબઇ

માતૃશ્રી લક્ષ્મીબાઇ વેલજી વેરશી લોડાયા
આરિખાણા-મુલુન્ડ
અ.સૌ. કલ્પનાબેન સોમચંદ લોડાયા
અ.સૌ. ડાયનાબેન ચંદ્રેશ લોડાયા
અ.સૌ. શીતલબેન તેજશ શાહ
ચિ. ખુશી-સનાયા-વિહા-વામીકા

## કે.ડી.ઓ. ભવન વર્ધમાનગર-કચ્છની
## ખૂટતી કડીઓ પૂરવા સૌને કરબદ્ધ પ્રાર્થના છે.

| | |
|---|---|
| રૂમ નં. ૧ | કુસુમ હરીશભાઇ ધરમશી-સુથરી-મુલુન્ડ મુંબઇ |
| રૂમ નં. ૨ | માતુશ્રી હીરાબેન ડુંગરશી વિશનજી મોમાયા<br>હસ્તે પ્રીતિબેન મોમાયા ગામ સાંયરા-કચ્છ હાલે ભુજ |
| રૂમ. નં.૩ | દાતાશ્રીનું નામ આવકાર્ય છે. રૂા. ૬,૨૫,૦૦૦ (છ લાખ પચ્ચીસ હજાર) |
| રૂમ નં. ૪ | દાતાશ્રીનું નામ આવકાર્ય છે. રૂા. ૬,૨૫,૦૦૦ (છ લાખ પચ્ચીસ હજાર) |
| ઉપર ઓફિસ રૂમ | દાતાશ્રીનું નામ આવકાર્ય છે. રૂા. ૫,૦૦,૦૦૦ (પાંચ લાખ) |
| ઉપર મુખ્ય ચાલી | દાતાશ્રીનું નામ આવકાર્ય છે. રૂા. ૫,૫૧,૦૦૦ (પાંચ લાખ એકાવન હજાર) |

• હીરક દાતાશ્રી રૂપિયા ૧,૦૮,૦૦૦ • ગોલ્ડન દાતાશ્રી રૂપિયા ૫૪,૦૦૦
• સિલ્વર દાતાશ્રી રૂપિયા ૨૭,૦૦૦ • આધાર સ્થંભ દાતાશ્રી રૂપિયા ૧૧,૦૦૦

અગિયાર હજાર સુધી અનુદાન આપનાર દાતાશ્રીઓના નામ આધાર સ્થંભ દાતાશ્રી તરીકે ગ્રેનાઇટની તકતી ઉપર એક સાથે અંકિત કરવામાં આવશે.

કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર સામે ભોજનશાળા તથા ઉપાશ્રય બનાવવા પ્લોટ (મકાન) રૂપિયા ૧૯ લાખમાં લેવાઇ ગયેલ છે. દાતાશ્રીઓનું અનુદાન મળશે તો આ કાર્ય પણ ઝડપભેર આગળ ધપાવાશે.

# શ્રી વર્ધમાનનગર કચ્છી દશા ઓશવાળ જૈન ટ્રસ્ટ
## વર્ધમાનનગર-કચ્છ.

# વર્ધમાનનગર-કચ્છ મધ્યે કે.ડી.ઓ. ભવન

## :: કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર માટે આવેલ અનુદાન ::

### હીરક દાતાશ્રી રૂા. ૧,૦૮,૦૦૦

૧ શ્રી કીરીટભાઇ લક્ષ્મીચંદ લાપસીયા-રવા-ચેમ્બુર

૨ માતૃશ્રી ધનબાઇ પ્રેમજી નરપાર લોડાયા
હસ્તે તેજલ રાજેશ શાહ - મોટી સિંધોડી હાલે સાયન

૩. માતૃશ્રી દેવકાંબાઇ નેણશીં માણેકજી ધરમશી (પાવડા)
હસ્તે અ.સૌ. હર્ષાબેન પ્રતાપભાઇ ધરમશી કોઠારા-મુલુન્ડ

### ગોલ્ડન દાતાશ્રી રૂા. ૫૪૦૦૦

૪. શ્રીમતિ જયશ્રીબેન ખુશાલ ધરમશી
હસ્તે દર્શિતા આશિષ ધરમશી, પૌત્ર અથર્વ, ગામ કોઠારા હાલે સિકંદરાબાદ

### સિલ્વરદાતાશ્રી રૂા. ૨૭૦૦૦/-

૫ માતૃશ્રી વિમલાબેન શીવજીભાઇ લોડાયા હસ્તે નીરૂપમાબેન હરીશભાઇ લોડાયા
વારાપદ્ધર-વર્ધમાનનગર

૬. અ.સૌ. સ્મીતાબેન રાયચંદ જીવાણી-જખૌ-ડોમ્બીવલી

૭. વિજયાબેન વેરશીં મોતા હસ્તે સ્નેહાબેન અશોકભાઇ મોતા-સુથરી-અંધેરી

૮. અ.સૌ.અનિતાબેન ભરતભાઇ ભવાનજી લોડાયા-મોટી સિંધોડી- મુલુન્ડ

૯. માતૃશ્રી ચંદનબેન લક્ષ્મીચંદ છેડા - સુથરી -હસ્તે સુપુત્રો મુરજી, હીરાચંદ, હેમંત

૧૦. માતૃશ્રી વિજયાબેન દેવજીભાઇ દૌલત પરિવાર-સુથરી

૧૧. અ.સૌ. અમિતા તુષાર જૈન (ગોએરસમા-વર્ધમાનનગર)
અ.સૌ. જેમીની કેતન લોડાયા (કોઠારા-ગાંધીધામ)

૧૨. માતૃશ્રી મણીબેન વિરચંદ સાંયા (શાહ) સુજાપુર-ભુજ
હસ્તે રાજુભાઇ શાહ (અભિસારિકા), અનીલ વી. શાહ

૧૩. માતૃશ્રી સરલાબેન લક્ષ્મીચંદ શામજી લાપસિયા
હસ્તે હર્ષદ લક્ષ્મીચંદ લાપસિયા દલતુંગી હાલે નાંદેડ

### આધારસ્થંભ દાતાશ્રી રૂા. ૧૧૦૦૦

| | | | |
|---|---|---|---|
| ૧૪. | જયાબેન પ્રબોધ મુનવર | કોઠારા | વર્ધમાનનગર |
| ૧૫. | ખમાવંતીબેન મહેન્દ્ર લોડાયા | કોઠારા | વર્ધમાનનગર |
| ૧૬. | માતૃશ્રી ભમલબાઇ લીલાધર લાલકા | બાંડીયા | ભુજ |
| ૧૭. | રેખાબેન હીરાચંદભાઇ લાલકા | બાંડીયા | ભુજ |
| ૧૮. | સંગીતાબેન પંકજ નાગડા | રાપરગઢવારી | વર્ધમાનનગર |
| ૧૯. | અ.સૌ. જાગૃતિબેન પ્રફુલભાઇ નાગડા | વારાપદ્ધર | વર્ધમાનનગર |
| ૨૦. | સરીતાબેન બીપીનભાઇ છેડા | સુથરી | વર્ધમાનનગર |
| ૨૧. | સ્વ. કુમારી નીરાલીબેન મહેન્દ્રભાઇ ખોના | ભુજ | વર્ધમાનનગર |
| ૨૨. | જયોતિબેન હેમંતભાઇ વિકમશી | રાણપુર | વર્ધમાનનગર |
| ૨૩. | દમયંતિબેન દિલીપભાઇ મોતા | નલીયા | વર્ધમાનનગર |
| ૨૪. | માતુશ્રી પ્રેમાબાઇ લાલજી શામજી અજાણી | કોઠારા | કોઠારા |

| | | | |
|---|---|---|---|
| ૨૫. | જયાબેન બીપીનભાઇ દંડ | લાલા | વર્ધમાનનગર |
| ૨૬. | કલ્પનાબેન લધુભાઇ હેફા | સુથરી | વર્ધમાનનગર |
| ૨૭. | સ્વ. ચંદ્રકાંત હીરાચંદ મુનવર | કોઠારા | વર્ધમાનનગર |
| ૨૮. | પુણ્યશ્લોકી માતુશ્રી કુંવરબાઇ રતનશીં આણંદજી મૈશેરી | મોટી સિંધોડી | |
| ૨૯. | ધનલક્ષ્મીબેન મહેન્દ્રભાઇ નાગડા | કોઠારા | કોઠારા |
| ૩૦. | જેવંતીબેન નેણશીં ખોના | સાંધવ | વર્ધમાનનગર |
| ૩૧. | માતુશ્રી રેણુકાબેન જયંતીલાલ લોડાયા<br>હ. રાજેશ, હૃદય અને ધર્મિન લોડાયા | મોટી ખાવડી | ભાંડુપ |
| ૩૨. | માતુશ્રી સુશીલાબેન રતિલાલ રૂપશી લોડાયા | મોટી ખાવડી | ડોમ્બીવલી |
| ૩૩. | હંસાબેન સુરેશભાઇ વિકમશી હ. આકાશભાઇ | વારાપદ્ધર | વર્ધમાનનગર |
| ૩૪. | ઇન્દુમતીબેન લક્ષ્મીચંદભાઇ લાલજી પોલડીયા | બાયઠ | વર્ધમાનનગર |
| ૩૫. | સુશીલાબેન પ્રેમચંદભાઇ દંડ | લાલા | વર્ધમાનનગર |
| ૩૬. | કુ. ઇન્ડીયા, કુ. સિડની, બેલા, મયુર ધુલ્લા મોતા,<br>હ. મીનાબેન ચીમનભાઇ મોતા,તન-મન-ટુર | વારાપદ્ધર | મુલુન્ડ |
| ૩૭. | લીલાવંતીબેન લક્ષ્મીચંદભાઇ લાલકા | બાંડીયા | ભુજ |
| ૩૮. | ચંદનબેન સોમચંદભાઇ મોમાયા | વરાડીયા | ભુજ |
| ૩૯. | અનીલાબેન હરીશભાઇ વિકમશી | રાણપુર | ભુજ |
| ૪૦. | કુમુદબેન અરવિંદભાઇ લોડાયા | વારાપદ્ધર | ગાંધીધામ |
| ૪૧. | શ્રી મહાકાળી મહિલા મંડળ | વર્ધમાનનગર | ભુજ |
| ૪૨. | રસીકાબેન જવેરચંદભાઇ ખોના | કોઠારા | વર્ધમાનનગર |
| ૪૩. | હસુમતીબેન નવિનચંદ્ર દંડ | લાલા | અમદાવાદ |
| ૪૪. | ગુણવંતીબેન ભરતભાઇ મોતા હ. રાજ | જખૌ | વર્ધમાનનગર |
| ૪૫. | માતુશ્રી નવલબાઇ ઠાકરશી નરશીં લોડાયા<br>હસ્તે સુપુત્રો, જામનગર, આદીપુર | વારાપદ્ધર | |
| ૪૬. | માતુશ્રી બાંયાબાઇ સામજી દેવણાંધ મોતા<br>હસ્તે સુપુત્રો અંધેરી-લોનાવાલા | સુખપર | |
| ૪૭. | માતુશ્રી મણીબાઇ નરશી ઉકેડા લોડાયા<br>હસ્તે અ.સૌ. દમયંતીબેન વીરચંદ લોડાયા | રાપરગઢવારી<br>મુલુન્ડ | |
| ૪૮. | અ.સૌ. ચંદ્રીકાબેન લલીતભાઇ ટોકરશી લોડાયા | રાપરગઢવારી | હૈદ્રાબાદ |
| ૪૯. | માતુશ્રી યશોદાબેન જગદીશભાઇ જયચંદ નાગડા<br>હસ્તે અ.સૌ. દીપ્તીબેન મીતેશ નાગડા - કોપલ | નલીયા | |
| ૫૦. | માતુશ્રી રતનબેન ખીમજી ચત્રભોજ લાલકા | વારાપદ્ધર | આદીપુર |
| ૫૧. | જયાબેન શાન્તીલાલ પદમશીં લોડાયા | સાયરા | મુલુન્ડ |
| ૫૨. | માતુશ્રી વિજયાબાઇ લક્ષ્મીચંદ ભાણજી નાગડા | નલીયા | થાણા |
| ૫૩. | માતુશ્રી વિજયાબાઇ પદમશીં ગોવિંદજી છેડા<br>હસ્તે અ.સૌ. હેતલ હર્ષલ છેડા ડોમ્બીવલી | સુજાપર | |
| ૫૪. | માતુશ્રી ધનબાઇ દામજી કરમશી લાપસીયા<br>હસ્તે સુપુત્રીઓ | સુથરી | |
| ૫૫. | દાદી મહારાજ પ.પૂ. વિમલયશાશ્રીજી મ.સા. ની ૧૦૦મી<br>જન્મશતાબ્દિની સ્મૃતિમાં માતુશ્રી મણીબાઇ વર્ધમાન<br>શામજી ખોના હસ્તે વૃષભ, નીકીતા, જયમન, નયનાબેન<br>લેરીન ખોના | સુજાપર | પવઇ |

| | | |
|---|---|---|
| ૫૬. માતુશ્રી વેજબાઇ સોમચંદભાઇ નાગડા | નલીયા | ગાંધીધામ |
| ૫૭. અ.સૌ. આશાબેન સોમચંદ જેઠાભાઇ સોની<br>હસ્તે દેવાંશ, નમ્રતા દિપેશ સોની | સુથરી | ડોમ્બીવલી |
| ૫૮. પ.પૂ. માતૃશ્રી સ્વ. દેવકાબાઇ મેઘજીભાઇ નાગડા<br>હસ્તે. વિજયાબેન નરેન્દ્ર નાગડા | તેરા<br>વર્ધમાનનગર | |
| ૫૯. પ્રવિણાબેન પ્રતાપભાઇ ખોના<br>હસ્તે રૂષભ અને દેવ | નલીયા | ભાંડુપ |
| ૬૦. શ્રીમતિ હંસાબેન અનિલભાઇ ચાંપશી મોતા | કોઠારા | અંધેરી |
| ૬૧. વિજયાબેન કિશોરભાઇ ગોસર<br>હસ્તે સિવાંશ ચિરાગ ગોસર | બારોઇ | ભાંડુપ |
| ૬૨. લતાબેન વિશનજી કેશવજી શાહ | લાખણિયા | અમદાવાદ |
| ૬૩. પુષ્પાબેન હીરાલાલભાઇ જીવાણી | કોઠારા | વર્ધમાનનગર |
| ૬૪. મીનાક્ષીબેન ઠાકરશીંભાઇ શાહ | જખૌ | માનકુવા |
| ૬૫. માતુશ્રી હીરબાઇ મેઘજી નાગડા પરિવાર<br>હસ્તે કિરણ, હરીષ, હિતેશ | ભુજ | |
| ૬૬. માતૃશ્રી ભમલબાઇ પદમશી પીર<br>હસ્તે જયશ્રીબેન કુલીનભાઇ પીર | સુથરી | સુથરી |
| ૬૭. માતુશ્રી જયાબેન હંસરાજ વીકમશી<br>હસ્તે પુત્રવધુ શિલ્પા વિજય | વારાપદ્ધર<br>મુંબઇ | |
| ૬૮. શ્રીમતિ સુધાબેન પ્રતાપ ધનજી નાગડા | નલીયા | દેવલાલી |
| ૬૯. ચિ. સાક્ષી વિજય મોતા | જખૌ | ડોમ્બીવલી |
| ૭૦. માતૃશ્રી લીલબાઇ કાન્તીલાલ વિશનજી નાગડા - | નલીયા | ચિંચપોકલી |
| ૭૧. માતૃશ્રી હીરબાઇ ચાંપશી નાગડા તથા<br>માતૃશ્રી મીઠીબાઇ લક્ષ્મીચંદ નાગડા | રાપરગઢવારી | |
| ૭૨. રાજેન્દ્ર વીરચંદ શાહ (અભિસારિકા) | સુજાપુર | ભુજ |
| ૭૩. ધનલક્ષ્મીબેન ખુશાલભાઇ મૈશેરી<br>હસ્તે જૈનમ્-અંશ | નાની સિંધોડી | વાપી |
| ૭૪. માતૃશ્રી વિમલાબેન ઠાકરશીં પટેલ લોડાયા | સાંઘવ | |
| ૭૫. લતાબેન રમેશભાઇ ખોના<br>હસ્તે દર્શન ખોના | નલીયા | વર્ધમાનનગર |
| ૭૬. લીલાવંતીબેન વિશનજી મુનવર | કોઠારા | વર્ધમાનનગર |
| ૭૭. માતૃશ્રી જવેરબાઇ નરશીં મોતા<br>હસ્તે રીયા હિમાન્શુ મોતા | રાપરગઢવારી | વર્ધમાનનગર |
| ૭૮. લતાબેન લહેરચંદ મોમાયા<br>હસ્તે હેતલબેન હેમંત, ધ્રુવ તથા ઉદય મોમાયા | શાયરા | વર્ધમાનનગર |
| ૭૯. માતૃશ્રી ગંગાબાઇ રતનશીં પાસુભાઇ શાહ<br>હસ્તે ખુશાલભાઇ આર. નાગડા | સુથરી | વર્ધમાનનગર |
| ૮૦. માતૃશ્રી ખેતબાઇ લક્ષ્મીચંદ ડાઘા પરિવાર<br>હસ્તે સુપુત્રો કલ્યાણજીભાઇ તથા અનિલભાઇ | સુથરી | વર્ધમાનનગર |
| ૮૧. માતૃશ્રી રતનબાઇ ભવાનજી લોડાયા<br>હસ્તે ચિંતન ગ્રાફીકસ - ઘાટકોપર | મોટી સિંધોડી | ડોમ્બીવલી |
| ૮૨. અ.સૌ. કલ્પનાંબેન રાયચંદ માલશીં મોતા | કુવાપદ્ધર | સેલમ |

| | | | |
|---|---|---|---|
| ૮૩. | માતૃશ્રી લીલબાઇ માણેકજી દંડ ફેમેલી આણંદ પરિવાર | તેરા-અંકલેશ્વર | મુંબઇ-વડોદરા |
| ૮૪. | માતૃશ્રી કાન્તાબેન આણંદજી હીરજી ખોના | સાંધવ | ગાંધીધામ |
| ૮૫. | અ.સૌ. ધનવંતીબેન પુનશીં હીરજી લોડાયા | રાપરગઢવારી | ઘાટકોપર |
| ૮૬. | માતૃશ્રી જમકુબાઇ લાલજી પટેલ | સાંધવ | મુલુન્ડ |
| ૮૭. | શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ | મુંબઇ | |
| ૮૮. | લીલાવંતીબેન કેશવજી ધનજી મોતા હસ્તે કલ્પના વિજય મોતા | જખૌ | |

આ ભગીરથ કાર્યમાં સર્વે સમાજવાસીઓનો સાથ-સહકાર સહયોગ જરૂરી છે. હજુ પણ ભોજનશાળા તથા ઉપાશ્રયનું આયોજન વિચારણા હેઠળ છે. દરેક દાતાશ્રીઓનાં નામ ગ્રેનાઇટ તકતીઓ ઉપર અંકિત કરવામાં આવશે. કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર-કચ્છનું તા. ૨૭-૭-૨૦૨૫ ના ઉદ્‌ઘાટન કરવામાં આવશે. આ ભવન દરેક વ્યવસ્થાઓથી સંપૂર્ણ સજ્જ હશે.

સર્વે મહાજનશ્રીઓ, શ્રી એકમો, મંડળો, મંચો, ગ્રુપો, શ્રેષ્ઠીવર્યો, દાનવીર દાતાશ્રીઓ અને ક.દ.ઓ. જૈન જ્ઞાતિનાં સર્વે પરિવારોનાં સાથ-સહકાર-સહયોગથી એક શ્રેષ્ઠ કાર્ય થઇ રહ્યું છે. દરેક હિસાબો જ્ઞાતિ મુખપત્રો દ્વારા સમાજ સમક્ષ મુકવામાં આવશે. સમાજ ઉપયોગી જરૂરિયાત પરિપૂર્ણ કરવા સૌના સાથ સહકાર-સહયોગની અપેક્ષા સાથે આભાર...સર્વે દાતાશ્રીઓનો ખૂબ-ખૂબ આભાર...

૧. ટ્રસ્ટનું નામ તથા બેંકની સંપૂર્ણ વિગત આ સાથે મોકલાવી આપેલ છે.
A/c Name : Shri vardhmannagar kutchchi Dasa Oswal Jain Trust
Bank Name : The Cosmos Co-Op Bank Ltd. Bhuj-kutchh.
A/c No. 053100108808 - IFSC CODE : COSB0000053

૨. ટ્રસ્ટનું નામ તથા બેંકની સંપૂર્ણ વિગત આ સાથે મોકલાવી આપેલ છે.
A/c Name : Shri vardhmannagar kutchchi Dasa Oswal Jain Trust
Bank Name : Kotak Mahindra Bank Bhuj-kutchh.
A/c No. 9879600868 - IFSC CODE : KKBK0000847

સંપર્ક નંબર : સર્વે ટ્રસ્ટીગણના બહુમાન પૂર્વક વંદન

પ્રબોધ હીરાચંદ મુનવર મો. ૯૯૨૫૧૬૯૮૭૬, મહેન્દ્ર પદમશીં લોડાયા મો. ૯૩૧૫૬૫૦૬૭૯, દિલીપ રતનશીં મોતા મો. ૯૪૨૭૨૪૯૫૪૯,હીરાચંદ લક્ષ્મીચંદ છેડા મો. ૯૮૭૯૩૫૭૨૪૬,તુષાર મણીલાલ જૈન મો.૯૮૭૯૬૦૦૮૬૮, હરીશ શીવજી લોડાયા મો.૯૯૭૯૧૯૮૮૯૯, રાહુલ બીપીન દંડ મો. ૯૯૭૮૭૯૦૧૬૯, વિનય લઘુભાઇ હેફા મો. ૯૯૭૮૩૨૩૬૦૭,અમીતા તુષાર જૈન મો. ૯૯૨૫૨૨૬૨૪૮

ભુજથી માત્ર ૭ કિલોમીટરનાં અંતરે ભુજ-માધાપર પછી વર્ધમાનનગર વસેલું છે. અહીં આપણી જ્ઞાતિનાં ૭૫ પરિવારો વસે છે. જેની જણ સંખ્યા ૨૩૦ છે. લાંબા સમયથી અહીં આપણા સમાજની મહાજનવાડી, સમાજવાડી કે અતિથિગૃહ, કે.ડી.ઓ. ભવનની ખૂબ જ જરૂરત હતી.

વર્ધમાનનગર-કચ્છ મધ્યે આ નગરમાં આપણું ‘‘મીની અબડાસા’’ વસેલુ છે. અહીં રહેતા કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ પરિવારોનું લાંબા સમયનું સમાજવાડીનું સ્વપ્નું સાકાર થવા જઇ રહ્યું છે. દાનવીર દાતાશ્રીઓ અને શ્રેષ્ઠીવર્યોનાં સહયોગથી તૈયાર સમાજવાડી લેવાઇ ગઇ. હવે આ ભગીરથ કાર્યને પરીપૂર્ણ કરવા સૌનો સહયોગ જરૂરી છે. ટીપે ટીપે સરોવર ભરાય... કાંકરે કાંકરે પાળ બંધાય... એ પંક્તિને ધ્યાને લઇ આ કાર્ય માટે સૌને સાથ સહકાર સહયોગ આપવા કરબદ્ધ પ્રાર્થના છે.

# શ્રી તેરા તીર્થે ભવ્ય ઉત્સાહ સાથે ચાતુર્માસ પ્રવેશ થયો





અષાઢ સુદ તેરસ તિથિ તા.૭ જુલાઈ સોમવાર રોજે અબડાસા પંથકના તારણહાર તેરા તીર્થે શ્રી જીરાવલ્લા તથા શ્રી શામળીયા પાર્શ્વનાથ દાદાની ધન્ય ધરા ઉપર અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાનું વર્તીની પ.પૂ.સાધ્વીશ્રી ચૈતન્યરક્ષિતાશ્રીજી મ.સા. અને પ.પૂ. સાધ્વીશ્રી વ્રતરક્ષિતાશ્રીજી મ.સા.નો શુભ ચાતુર્માસ પ્રવેશ શુભ મંગળ ચોઘડીયે ઢોલ નગારા અને શરણાઈના સૂર સાથે અવનવી રંગોળી. વિવિધ શુભ ચિન્હો કંડારી ધામધૂમ સાથે થયો. આ પ્રસંગે ગામેગામથી ભક્તજનો, પૂજ્ય સાહેબશ્રીના પરિવારજનો, તે.કુ.લા.ધુ. ગામવાસીઓ નિયાણી પરિવારો અને અનેક જ્ઞાતિ અગ્રણીઓ પધાર્યા હતા.

જિનાલય દર્શન બાદ શ્રી શામળિયા દ્વિશતાબ્દી મહોત્સવની ધ્વજાના દર્શનીય પટ્ટનું પૂજ્યોશ્રીના પરિવાર દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. બહેનો દ્વારા બેડા ગહુલી અને વિવિધ શુભ દર્શનીય આલેખન દ્વારા પૂજ્યશ્રીની પ્રદક્ષિણા થઈ હતી. શુભ ચોઘડીએ પૂજ્યોશ્રીએ ઉપાશ્રય મધ્યે શ્રી સંઘની આજ્ઞા લઈ પ્રવેશ કર્યો હતો.

પૂજ્યશ્રીઓએ નવા નિર્માણ થનાર વિવિધ લક્ષી હૉલની ભૂમિ ઉપર વાસક્ષેપ કરી માંગલિક ફરમાવ્યું હતું. ત્યારબાદ ભૂમિદાતા અને નિર્માણ દાતાઓએ ભૂમિ પૂજ્ય કર્યું હતું. શ્રી શામળીયા ઉપાશ્રય મધ્યે પૂજ્યોશ્રીને વંદન અને તેમના દ્વારા માંગલિક બાદ સૂત્ર-ચરિત્ર, ગુરૂપૂજન અને જ્ઞાન પૂજનની ઉછળતા ભાવે ઐતિહાસિક ઉછામણીઓ થઈ હતી.

યુવા વિધિકાર રાજાભાઈ નંદુ અને નિશાબેન સંઘવીના સંગીતના સથવારે પ્રમુખ શ્રી દ્વારા શાબ્દીક તથા કન્યાઓના નૃત્ય દ્વારા સર્વેને આવકાર અપાયો તેરા ટ્રસ્ટ મહાજનના ટ્રસ્ટીઓ તથા શ્રી તે.કુ.લા.ધુ.જૈન યુવક સંઘના પદાધિકારીઓ દ્વારા પૂજ્યશ્રીને કામળી અર્પણ કર્યા. અંદાજિત ૩૨૫ થી ઉપર સંખ્યામાં ભાવિકો પધાર્યા હતા.

ખૂબજ સુંદર અને ધાર્મિક, ઉલ્લાસમય વાતાવરણ વચ્ચે પૂજ્યશ્રીઓએ ચાતુર્માસની જરૂરિયાત અને અનેક ધાર્મિક કાર્ય ઉપર ભાર આપ્યો હતો. ધર્મની જીવનમાં મહતા દર્શાવતી અનેક પ્રેરણાઓ કરી હતી. ચાતુર્માસ દરમ્યાન થનાર વિવિધ અનુષ્ઠાનો અને કાર્યક્રમોની જાણકારી પણ સર્વેને અપાઈ હતી. બપોરના નમીઉણ પૂજનનું આયોજન થયું હતું. લાભાર્થીઓ તથા પધારેલા સર્વેએ ઉમંગભેર ધન્ય લાભ લીધો હતો.

તેરા મહાજન, ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને શ્રી તે.કુ.લા.ધુ.જૈન યુવક સંઘના પદાધિકારીઓ પધાર્યા હતા. સર્વેના સુયોગ્ય સંકલનથી ખૂબજ દબદબાપૂર્વક પૂજ્યોશ્રીનો ચાતુર્માસ પ્રવેશ પ્રસંગ ભવ્યતાથી થયો હતો.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જુલાઈથી સપ્ટેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૧૩ જુલાઈ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.મંડળ-ડોમ્બિવલી આયોજિત પર્યુષણ બાદ ૧૯-૨૨ સપ્ટેમ્બર ૨૫ ના ઉત્તર ગુજરાત ચૈત્ય પરિપાટી માટે નામ નોંધાવવાની અંતિમ તારીખ. મો. ૯૮૩૩૭૩૨૩૪૫, ૯૮૩૩૧૪૬૦૪૭ |
| તા. ૩૧ જુલાઈ ૨૦૨૫ | ફોર્મ ભરવાની છેલ્લી તારીખ, શ્રી ક દ ઓ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ : નર્સરીથી ધો. ૧૦ ના વિદ્યાર્થીઓ માટે શાળા ફી તથા પુસ્તક સહાય. મો. ૮૬૫૭૬૩૭૩૨૦ |
| તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ, ડોમ્બિવલીના સ્થાપના દિવસ નિમિત્તે શ્રી મહાકાળી માતાજીની ભકિત અને AGM : મંડળના કાર્યાલયમાં. |
| તા. ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ-ડોમ્બિવલી આયોજિત આ વર્ષે નવી શૈક્ષણિક પદવી (ડીગ્રી) ઉપલબ્ધ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન. હોરીઝોન હોલ, ડોમ્બિવલી. મો. ૯૩૨૧૫૫૬૧૯૪ |
| તા. ૧૭ સપ્ટે.થી ૨૨ સપ્ટે. ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.મંડળ-ડોમ્બિવલી આયોજિત ચૈત્ય પરિપાટી-ઉતર ગુજરાતના તીર્થ. મો. ૯૮૩૩૧૪૬૦૪૭ |
| તા. ૧૭ સપ્ટે. થી ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. દેવલાલી નાસિક રોડ જૈન સંઘ આયોજિત ચેત્ય પરિપાટી મહારાષ્ટ્ર-ગુજરાતના ૯ તીર્થ. |
| તા.૯ નવેમ્બર ૨૦૨૫ | છેડા ગોત્ર પહેડી, સારસ્વત વાડી, મુલુંડ વેસ્ટ |

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સુથરી તીર્થે શ્રી પાર્શ્વનાથ પદ્માવતી અનુષ્ઠાનની ધર્મ આરાધનાઓ થઈ





સુથરી તીર્થે પ્રવર્તક પ.પૂ.શ્રી પુણ્યોદય સાગરજી મ.સા. અને મુનિરાજ પ.પૂ.શ્રી અનંતરત્નસાગરજી મ.સા., તથા પ.પૂ.સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.ની પાવનાકારી નિશ્રામાં તા.૧૧ જુલાઈ શુક્રવારના રોજે શ્રી પાર્શ્વનાથ પદમવતી અનુષ્ઠાનની ધર્મ આરાધનાઓ ભાવપૂર્વક કરાઈ હતી. સંઘના શ્રાવક શ્રાવિકો ધન્ય ભાવ સાથે જોડાયા હતા અને ધર્મ લાભ લીધો હતો.

---

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**લિલાવતીબેન ગોરજી**
તા.૬ જુલાઈ (ઉ.૮૬)
તેરા-ઘાટકોપર



**ગૌરવ છેડા**
તા.૮ જુલાઈ (ઉ.૪૧)
નલિયા-ભાંડુપ




**શાંતિલાલ ધરમશી**
તા.૮ જુલાઈ (ઉ.૮૭)
જસાપર-ગોદિંયા



**પ્રભાબેન લાપસિયા**
તા.૧૧ જુલાઈ (ઉ.૮૦)
દલતુંગી-નાંદેડ



**પાયલબેન ખોના**
તા.૧૧ જુલાઈ (ઉ.૪૨)
મોટી ખાવડી



**પંકજભાઈ શાહ**
તા.૧૨ જુલાઈ (ઉ.૭૧)
સુથરી-મુલુંડ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● સન ૧૮૭૬ની સાલમાં એલેકઝાન્ડર ગ્રેહામ બેલ દ્વારા ટેલિફોનની શોધને લીધે વાતચીતનું માધ્યમ ઉપલબ્ધ થયું. દૂરવાણી કે દૂર સંચાર વિભાગ પહેલાં પીએન્ડટી-પોસ્ટ એન્ડ ટેલિગ્રાફ તરીકે ઓળખતું પછી પોસ્ટથી અલગ થઈને ડિપોર્ટમેન્ટ ઓફ ટેલિકોમ-ડોટ અને સન ૨૦૦૦ની સાલમાં ભારત સંચાર નિગમ, બીએસએનએલ અન્ય શહેરોમાં જ્યારે મેટ્રોસિટીમાં એમટીએનએલ-મહાનગર ટેલિફોન નિગમ લિમિટેડ થયું. ભુજમાં ૧૯૬૦માં મેન્યુઅલ ટેલિફોન એક્સચેન્જ અસ્તિત્વમાં આવ્યું. ૧૯૯૦ના દશકામાં ક્રોસ બાર તથા સીડોટ એક્સચેન્જમાં અપગ્રેડ થયા. કચ્છમાં આશરે ૧.૧૦ લાખ અને ભુજમાં ૧૮ હજાર ગ્રાહકો હતા. પણ હવે હથેળીમાં સમાતા હરતા ફરતા મોબાઈલ ફોનને લીધે હવે ભુજમાં ૯૦૦ અને કચ્છમાં પાંચ હજાર લેન્ડ લાઈન જોડાણ છેલ્લા શ્વાસ લઈ રહી છે.

● કચ્છી વીશા ઓસવાલ સેવા સમાજની સાંસ્કૃતિક સમિતિ આયોજિત અને ગાલા સ્પ્રિંગ્સ પ્રાયોજિત એકાંકી નાટ્ય સ્પર્ધાની ફાઈનલ માટુંગાના યશવંતરાય નાટ્યગૃહમાં સવારના ૮.૩૦ થી બપોરના બે વાગ્યા સુધી નવતર વિષયો સાથે પાંચ એકાંકી રજૂ થયાં જેમાં નાગપુર કવીઓ સમાજનો કચ્છી એકાંકી એક્સપાયરી ડેટ પ્રથમ વિજેતા, જ્યારે વલસાડ સ્પાર્કલિંગ ગ્રુપ પ્રસ્તુત ઈઝીએન્ડ દ્વિતીય નંબરે તથા કવીઓ સમાજ બોરીવલી પ્રસ્તુત હિંદી નાટક ગેટ સેટ ગો તૃતીય ક્રમાંકે વિજેતા થયેલ. તદ્ઉપરાંત બેસ્ટ લેખક, બેસ્ટ ડાયરેક્ટર, બેસ્ટ એક્ટર, બેસ્ટ એક્ટ્રેસના જાહેર થયા હતા. નાટ્ય સ્પર્ધાના જજ પ્રીતેશ સોઢા, પ્રતાપ સચદેવ અને વિજય નાનજી ગાલા સેવા આપી હતી.

● કચ્છના મુખ્ય મથક ભુજના વિમાની મથકેથી વિમાની સેવાનો વ્યાપ વિસ્તરતાં પ્રવાસીઓના આવાગમનમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. વિતેલા અઢી માસ દરમ્યાન ભુજથી એરપોર્ટ પરથી અડધો લાખ એટલે કે ૫૦ હજારથી વધુ વિક્રમીજનક પ્રવાસીઓની સંખ્યા જોવા મળી છે. હજુપણ ભુજને માગણી અનુસારની વધુ વિમાની સેવા મળે તો આંક હજુ વધુ ઊંચે જવાની શક્યતા છે. એક સમયે ભુજ વિમાની મથકથી માત્ર એક વિમાન ઉડાન ભરતું હતું. છેલ્લો કેટલાક સમયથી ભુજ મુંબઈ ઉપરાંત અમદાવાદ, બેલગામ અને અઢી માસપૂર્વ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીને જોડતી ફ્લાઈટ મળી છે. મુંબઈ અને દિલ્હીને જોડતી વિમાની સેવા શરૂ થતાં ભુજથી જ દેશના અન્ય વિસ્તારોના સાથે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટનું જોડાણ મળ્યું છે.

● ગાંધીધામ આદિપુર જોડિયા શહેરો અને સંલગ્ન ગ્રામીણ વિસ્તારમાં નાગરિક પરિવહન માટેની સુવિધા નથી. અગાઉ સિંધુ રિસેટલમેન્ટ કોર્પોરેશન દ્વારા લાલ બસ સેવા ઉપલબ્ધ કરવામાં આવી હતી. જે બંધ થયા પછી સિટી બસની કોઈ વ્યવસ્થા નથી જેને પગલે ટ્રાફિક સહિતની પણ અનેક સમસ્યાઓ સર્જાઈ રહી છે. તેને નિવારવા અને નાગરિકોને પરિવહનની સારી સુવિધા મળી રહે એ માટે ગાંધીધામ મહાનગર પાલિકા દ્વારા રાજ્ય સરકાર સમક્ષ દરખાસ્ત કરવામાં આવી છે. પી.એમ.પરિવહન યોજના હેઠળ ૧૧૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં છેવાડાના લોકોને અવર જવર માટે પરિવહન સુવિધા સગવડતા ભરી બની રહેશે.

● કચ્છના પ્રગતિશીલ અને સાહસિક કિસાન હરેશ મોરારજી ઠક્કર-ચંદેને ભૂકંપ પછી તેમણે કરેલા બાગાયત વિકાસ માટે ૬૫ મા ગુજરાત રાજ્ય સ્થાપના દિવસ નિમિત્તે ગુજરાત ગૌરવ દિવસ ૨૦૨૫ની રાજ્યકક્ષાની ઉજવણી અંતર્ગત ગોધરા ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષતામાં તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રાજ્યના મંત્રીઓ સહિત મહાનુભવોની ઉપસ્થિતિમાં ગુજરાત ગૌરવ એવોર્ડથી સન્માનિત કરાયા. બાગાયત ખેતીમાં કાઠું કાઢનારા કિસાન હરેશ ઠક્કર સો ટકા ટપક સિંચાઈ, હાઈટેક ઓટોમેશન સિસ્ટમથી પાણી અને વીજળીની બચત, ઝેરી ખાતર અને જંતુનાશકોનો ઓછો ઉપયોગ કરી પ્રાકૃતિક ખેતી અપનાવી સ્વાસ્થ્ય માટે લાભદાયક ઉચ્ચ ગુણવતાયુક્ત બાગાયત ઉત્પાદન મેળવી ખેડૂતોમાં આર્થિક અને સામાજિક પરિવર્તન લાવવામાં યોગદાન માટે રાજ્ય સરકાર તરફથી ગુજરાત ગૌરવ એવોર્ડથી સન્માન કરાયું.

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

# Watch your savings grow, effortlessly.

**FIXED DEPOSIT** 720 Days

**RATE OF INTEREST**

*7.85% per annum
For General Public

*8.35% per annum
For Senior Citizens

STAMP FRANKING
Now Available

*Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com
@ Arihant Bank